| |
|---|
| ખુબ અગત્યનું |
| સમયમર્યાદા |

ક્રમાંક:મઉમશબ/ચૂંટણી-૨૦૨૧/૪૦૫
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૦/૦૯/૨૦૨૧

પ્રતિ,

આચાર્યશ્રીઓ,

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,

તમામ,

ગુજરાત રાજય.

વિષય :- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સામાન્ય ચૂંટણી – ૨૦૨૧ મતદાન માટે મતદારોને આપવાના પ્રમાણપત્ર બાબત.

સંદર્ભ :- (૧) તા.૧૮/૦૯/૨૦૨૧ ની મતદાર યાદીમાંથી નામ રદ કરવા અંગેની જાહેર નોટીસ.

(૨) તા.૨૦/૦૯/૨૦૨૧ ના રોજ પ્રસિધ્ધ થયેલ જાહેરનામાની નકલ

(૩) અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/ચૂંટણી-૨૦૨૧/૪૦૨ તા.૨૦/૦૯/૨૦૨૧ ના પત્ર અન્વયે.

શ્રીમાન,

ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, સંદર્ભ પત્ર-૩ થી આપેલ સુચનામાં નમૂનો-ખ માં શાળાના આચાર્યશ્રીના સહી-સિક્કા અને શાળા સંચાલક મંડળના સહિ-સિક્કા સાથેના પ્રમાણપત્ર આપવા જણાવેલ છે. ઉક્ત બાબતે નીચે મુજબ કાર્યવાહી કરવી.

નમૂના-ખ માં શાળાના આચાર્યશ્રીના સહિ-સિક્કા અથવા શાળાના સંચાલક મંડળના સહિ-સિક્કા માંથી કોઈ પણ એક જ દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવશે તો તે માન્ય રહેશે. પ્રમાણપત્ર શાળાના તમામ મતદારો માટે સંયુક્ત આપી શકાશે અને તેની ઝેરોક્ષ નકલ પણ માન્ય રહેશે. નમૂના-ખ માં કોઈ પણ મતદારનો ફોટોગ્રાફ લગાવવાની જરૂર નથી. જે ધ્યાને લેશો.

(ડી. એસ. પટેલ)
ચૂંટણી અધિકારી અને
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

<u>નકલ રવાના જરૂરી કાર્યવાહી સારૂ :-</u>

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ, ગુજરાત રાજય

<u>નકલ રવાના જાણ સારૂ :-</u>

- બોર્ડની સામાન્ય ચૂંટણી-૨૦૨૧ ના હરીફ ઉમેદવારો